Extra No. 238

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, JULY 2, 2025 / ASHADHA 11, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૬ઠ્ઠી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૫નો ૧૫૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૪૩૩૯/એલ-પીએફ-૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૨૫

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૨૦૨૫નો ૧૫૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૪૩૩૯/એલ-પીએફ-૧:- ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક.૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩ અને કલમ ૫ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:-

૧. નીચેની અનુસૂચિની કોલમ ૪માં નિર્દિષ્ટ સ્થાનિક સત્તામંડળની હકૂમતમાંના વિસ્તારોને, સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ વિકાસ વિસ્તાર તરીકે જાહેર કરે છે,

૨. આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ ૪માં નિર્દિષ્ટ સ્થાનિક સત્તામંડળની હકૂમતમાંના વિસ્તારોને, સદરહુ અધિનિયમની કલમ-૩ની પેટા-કલમ (૨) હેઠળ, તે વિકાસ વિસ્તારની હદો તરીકે વ્યાખ્યાયિત કરે છે,

૩. આ વિકાસ વિસ્તારને, સદરહુ અધિનિયમની કલમ-૩ની પેટા-કલમ (૩) હેઠળ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૭.૦૬.૨૦૨૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૨૦૨૩નો ૧૦૯/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૪૩૩૯/એલ-થી જાહેર કરવામાં આવેલા વિકાસ વિસ્તાર સાથે એકીકૃત કરે છે,

૪. આ રીતે જાહેર કરેલ વિકાસ વિસ્તારને, સદરહુ અધિનિયમની કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ, લોથલ વિસ્તાર વિકાસ સત્તામંડળના ભાગ તરીકે પદનામિત (મૂકરર) કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	જિલ્લાનું નામ	તાલુકાનું નામ	સ્થાનિક સત્તામંડળનો વિસ્તાર
૧	૨	૩	૪
૧	અમદાવાદ	ધોળકા	ઉતેળિયા ગ્રામ પંચાયત

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ દત્તા,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 22:23:37 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar